**<u>નવસારી કૃષિ યુનિવર્સિટી</u>**

**<u>આંબા અને ચીકુના ઝાડની છંટણી કરી લાકડા લઈ જવાનાં ભાવ મોકલવા બાબત જાહેરાત</u>**

અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીનાં પ્રાદેશિક બાગાયત સંશોધન કેન્દ્ર, ખાતે આંબા ઝાડ ૮૦ અને ચીકુ ઝાડ ૧૬૪ નંગની જરૂરીયાત મુજબ ૩, ૫ અને ૭ ફૂટ ઉંચાઈએથી અને બાગાયત પોલીટેકનીક ખાતે આંબા ઝાડ ૩૪ નંગ ૮ થી ૯ ફુટ ઉંચાઈએથી છંટણી કરી લાકડા લઈ જવાનો ઈજારો આપવાનો છે. તો રસ ધરાવતા ઈસમોએ રૂા. ૫૦૦/–નું ટેન્ડર ફોર્મ અત્રેના કચેરીથી મેળવી સાથે રૂા. ૨૦,૦૦૦/– ડીપોઝીટ પેટેનો ડીમાન્ડ ડ્રાફ્ટ **"Assistant Administrative officer, ACHF, NAU"** નામનો ભરી આંબા અને ચીકુના લાકડાનો અલગ–અલગ ૧ (એક) ટનનો ભાવ સીલ બંધ કવરમાં તા. ૦૬/૧૧/૨૦૧૭ સુધીમાં પોસ્ટ / કુરીયર દ્વારા આચાર્યશ્રી, અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, પ્રાદેશિક બાગાયત સંશોધન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીને મોકલવાનો રહેશે. આવેલ ભાવપત્રકો તા. ૦૭/૧૧/૨૦૧૭ ના દિવસે સવારે ૧૦:૦૦ કલાકે કમિટી દ્વારા ઈજારદારોની હાજરીમાં ખોલવામાં આવશે. શરતો અને નિતી નિયમો અત્રેની કચેરીએથી અથવા **www.nau.in** પર જોવા મળશે.

**આચાર્ય, અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીમાં આંબા અને ચીકુ ઝાડના છંટણી કરી લાકડા લઈ જવાની ૨૦૧૭–૨૦૧૮ ના વર્ષની હરાજીથી વેચાણની શરતો.**

૧. છંટણી કરવામાં આવનાર ઝાડ હરાજી રાખનાર ઈજારદારે જાતે પોતાના ખર્ચે પ્લોટ નં. ઈ–૭ માં આંબા કેસર જાતના ૮૦ નંગ અને ચીકુ કાલીપત્તીના ડી–૮ માં ૭૬ નંગ તથા ડી–૧૦ માં ચીકુ ૮૮ નંગ ઝાડ જમીન લેવલ થી ૩, ૫ અને ૭ ફૂટ ઉંચાઈએથી અને બાગાયત પોલીટેકનીક ખાતે આંબા ઝાડ ૩૪ નંગ ૮ થી ૯ ફુટ ઉંચાઈએથી છંટણી કરી લઈ જવાના રહેશે.

૨. હરાજીમાં ભાગ લેનાર ઈસમે રૂા. ૫૦૦ નો ટેન્ડર ફોર્મ (નોન રીફંડેબલ) સાથે રૂા. ૨૦,૦૦૦/– ડીમાન્ડ ડ્રાફ્ટ AAO, ACHF, NAU, નવસારીનાં નામનો કઢાવવાનો રહેશે. જે ઈજારદારનું ટેન્ડર પાસ થશે તેની રકમ અનામત પેટે જમા રહેશે અને અન્ય અનામત ઈજાદારોને ચેક દ્વારા આશરે ૧૫ દિવસ પછી પરત કરવામાં આવશે.

૩. હરાજીમાં ભાગ લેનાર દરેક ઈસમે હરાજીની શરતો ઉપર સહી કરવાની રહેશે. સહી ન કરનાર ઈસમોનું ટેન્ડર સ્વીકારવામાં આવશે નહી.

૪. ટેન્ડર માન્ય કે અમાન્ય રાખવું કે સ્વીકારવું કે ન સ્વીકારવાની સત્તા કમીટીની રહેશે. આ છતા જો કોઈ વિવાદ ઉભો થાય તો તેના નિર્ણયની આખરી સત્તા નીચે સહી કરનારની રહેશે. આ નિર્ણય બધાને બંધનકર્તા રહેશે.

૫. ન્યાયની અદાલતમાં શિક્ષા પામેલા નૈતિક અધ:પતનના ગુન્હા સંબંધમાં શિક્ષા પામેલા,બ્લેક લીસ્ટની યાદીમાં સમાવેશ થયેલા, નાદારી નોંધાયેલ કે નાદાર જાહેર થયેલ અને ૧૮ વષી ય અંદરના ઈસમને હરાજીમાં ભાગ લેવા દેવામાં આવશે. નહી. આમ છતાં આવી જાણ માંગણી સ્વીકારાય બાદ કમીટીના કે નીચે સહી કરનારનાં ધ્યાનમાં આવશે તો તેવા ઈસમોને માંગણી રદ કરવામાં આવશે. અને ઈસમની ડીપોઝીટની રકમ જપ્ત કરી નવસારી કૃષિ યુનિવર્સિટીમાં જમા કરાવવામાં આવશે.

૬. ઈજારદારે સ્થળ પર કામ કરતા મજુરો માટે નિયમ પ્રમાણેની તમામ સવલતો જેવી કે પીવા માટે સ્વચ્છ પાણી, તબીબી સારવાર વિગેરે તેના ખર્ચે પુરી પાડવાની રહેશે. અકસ્માત વીમો તેમજ કામગીરીને કારણે નુકશાન થાય તે માટેની સઘળી કાયદાકીય વ્યવસ્થા ઈજારદારે કરવાની રહેશે.

૭. હરાજી રાખનાર ઈજારદાર કે તેના રાખેલ માણસો મારફત માલ કે ઝાડની કાપણી દરમ્યાન ફાર્મ કે યુનિવર્સિટીની સ્થાવર કે જંગમ અથવા અન્ય ઉભા પકને નુકશાન થશે તો તેની જવાબદારી ઈજારદારની રહેશે અને નુકશાનીની રકમ ભરપાઈ કર્યા સિવાય માલ ઉપાડવા દેવામાં આવશે નહી.

૮. હરાજીમાં રાખેલ ઝાડોને કાપતી વખતે આજુબાજુથી પસાર થતી ઈલેકટ્રીક કે ટેલીફોન લઈનને નુકશાન ન થાય તે રીતે કાપવાનાં રહેશે.આ છતાં જો નુકશાની થશે તો તેની સંપૂર્ણ જવાબદારી ઈજારદારની રહેશે અને નુકશાન ભરપાઈ થયા બાદ જ માલ ઉપાડવા દેવામાં આવશે. ઈલેકટ્રીક લાઈન છોડવવા તથા બંધ કરાવવાની જવાબદારી ઈજારદારની રહેશે.

૯. હરાજીમાં રાખેલ માલની સંપૂર્ણ જવાબદારી હરાજી માન્ય થયાની તારીખથી ઈજારદારની રહેશે. હરાજીમાં રાખેલ માલની ચોરી, નાશ કે ગુમ થયા બદલ અથવા કુદરતી આફત, આગ કે અન્ય હોનારતને કારણે જે નુકશાન થાય તેની જવાબદારી આ સંસ્થાની રહેશે નહી. આ માટે ઈજારદારે પોતે જવાદાર રહેશે.

૧૦. હરાજીમાં રાખેલ માલ/ઝાડ જે તે સ્થળેથી ઉપાડતા પહેલા માલના વજનના થતા નાણાં રોકડમાં જમા કરવી પાકી રસીદ મેળવ્યા બાદ મેઈનગેટથી કચેરીનાં સમય દરમ્યાન લઈ જવાનો રહેશે.

૧૧. હરાજી થયા બાદ ઝાડ કાપીને લઈ જવાની મુદત ૧ માસ સુધીની રહેશે. આ સમયબાદ મુદત લંબાવી આપવામાં આવશે નહી.

૧૨. હરાજી રાખનાર ઈસમ કે ઈજારદાર સંસ્થાની હદમાં માલને બીજા ઈસમના નામે ટ્રાન્સફર કરી શકશે નહી. અને તેના સબ કોન્ટ્રાકટ આપી શકશે નહી.

૧૩. રાજય સરકારશ્રીનાં ધારાધોરણ અનુસાર સેલ ટેક્ષ કે અન્ય સ્થાનિક વેરા અને આ અંગેના વેરાઓ અને કાયદાકાનુનો અનુસાર વર્તવાની જવાબદારી ઈજારદારની રહેશે. આ અંગે સંસ્થા જવાબદાર રહેશે નહી. પરંતુ ઈજારદારે આવા કલીયરન્સના સર્ટીફીકેટ બતાવવાના રહેશે.

૧૪. ઉપરોકત્ત શરતોના અર્થ અને અમલ અંગે કોઈકવાર વિવાદસ્પદ બાબતો ઉપસ્થિત થાય તો ઈજારદાર કોર્ટનો આશરો લઈ શકશે નહી.પણ આ અંગે નીચે સહી કરનારનો નિર્ણય કે ચુકાદો આખરી અને છેવટનો ગણાશે. આ ચુકાદો ઈજરદારને બંધનકર્તા રહેશે.

૧૫. હરાજી રાખનાર ઈસમોએ તેઓનું હાલ તેમજ કાયમી રહેઠાણનું સરનામું તેમજ ફોન અને મોબાઈલ નંબર આપવાનો રહેશે.અને ટપાલ પરત આવશે તો તેમને અત્રેથી મોકલેલ સુચનાઓ મળી ગયેલ છે તે માન્ય/ગ્રાહય રાખેલ છે, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

૧૬. હરાજીની શરતોને સંપૂર્ણ સ્વસ્થ અને સભાન રીતે વાંચી છે. તેમજ વાંચી સંભળાવેલ છે, તે શરતો મને માન્ય છે અને તેનો ચુસ્તપણે અમલ કરવા બંધાયેલ છું. જે માટે મારી સહી કરી સંમતિ દર્શાવેલ છે.

૧૭. અને સ્ટમની ડીપોઝીટ નીચે મુજબ કારણોસર જપ્ત કરવામાં આવશે.
(૧) ટેન્ડર શરતો અને નિયમો મુજબ અમલ નહી કરી શકે તો
(૨) ઓર્ડરની પુરેપુરી કે અશતઃ કામગીરી ન કરી શકે તો.

૧૮. ટેન્ડર ફોર્મના નાણાં પરત મળશે નહી.

૧૯. ઈજારદાર પોતે રાખેલ કામદારો/મજુરોના નામ અને સરનામા કચેરીને આપવાનાં રહેશે.

નવસારી
તા. ૧૦/૧૦/૨૦૧૭

આચાર્ય
અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય
નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી